NJESR/August-2025/Volume-7/Issue-8 E-ISSN-2582-5836
DOI-10.53571/NJESR.2025.8.7.41-44

# દમણના માછી સમાજમાં સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તન : એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

નિમિષા દેવજી ટંડેલ
પીએચ.ડી. વિદ્યાર્થી
એમ.એ., બી.એડ. (સમાજશાસ્ત્ર)

(Received -15 July 2025/Revised 30 July 2025/ Accepted- 10 August 2025/ Published -30 August 2025)

**પ્રસ્તાવના**

ભારતનો દરિયાકિનારો પશ્ચિમમાં સૌરાષ્ટ્રથી લઈને પૂર્વમાં કોલકાતા સુધી આશરે ૭૫૧૬.૫ કિમી લાંબો છે. આ દરિયાકાંઠે વસતા વિવિધ સમુદાયો પોતાની આગવી જીવનશૈલી, વ્યવસાય અને સંસ્કૃતિ ધરાવે છે. ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ પશ્ચિમ કિનારે આવેલું એક મહત્વપૂર્ણ બંદર છે, જ્યાં માછીમાર સમુદાયનું સામાજિક અને આર્થિક જીવન પરંપરાગત રીતે દરિયા સાથે જોડાયેલું રહ્યું છે.

દમણનો માછી સમાજ પ્રકૃતિ આધારિત જીવનશૈલી ધરાવતો, ધાર્મિક ભાવનાથી પ્રેરિત અને સામૂહિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતો સમુદાય છે. સમય અને પરિસ્થિતિ મુજબ પરિવર્તન સ્વીકારવાની તેની ક્ષમતા તેને ગતિશીલ સમાજ બનાવે છે.

**અભ્યાસનો ઉદ્દેશ્ય**

આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ દમણના માછી સમાજમાં થતા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનોનું વિશ્લેષણ કરવો તથા પોર્ટુગીઝ શાસન અને પ્રદેશમાથી વિદેશમાં થતું સ્થળાંતરની અસરને સમજવાની છે. સાથે સાથે, પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ વચ્ચે સમાજ પોતાની પરંપરા અને ઓળખ કેવી રીતે જાળવી રાખે છે તે પણ આ અભ્યાસનો કેન્દ્રબિંદુ છે.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક તથા ગૌણ એમ બંને પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- **પ્રાથમિક માહિતી** : પ્રશ્નાવલી, ટેલિફોનિક ઇન્ટરવ્યૂ અને સીધા ઇન્ટરવ્યૂ
- **નમૂનાકરણ** : કુલ 300 ઉત્તરદાતાઓ (દમણ – ૧૦૦, યુનાઇટેડ કિંગડમ – ૨૦૦)
- **વિશ્લેષણ પદ્ધતિ** : ટકાવારી પદ્ધતિ અને chi-square પરીક્ષણ

**માછી સમાજની સંસ્કૃતિ અને ધર્મ**

અભ્યાસ દર્શાવે છે કે દમણના માછી સમાજમાં સંસ્કૃતિ અને ધર્મ જીવનના મુખ્ય આધારસ્તંભ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં ૯૪ ટકા ઉત્તરદાતાઓ માને છે કે સંસ્કૃતિ સમાજને આકાર આપે છે.
- અભ્યાસમાં ૯૮ ટકા લોકો માને છે કે સમાજ નિયમો, રિવાજો, ધાર્મિક વિધિઓ અને તહેરવેશ પરથી બનેલો છે.
- સમાજ અને સંસ્કૃતિને એક જ સિક્કાની બે બાજુઓ તરીકે જોવામાં આવે છે.

ધાર્મિક માન્યતાઓ સાથે "માનવતાની સેવા એ પ્રભુ સેવા છે" જેવી ભાવના સમાજમાં વ્યાપક છે.

**સામાજિક જીવનશૈલીમાં પરિવર્તન**

અભ્યાસ અનુસાર માછી સમાજની સામાજિક જીવનશૈલીમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

- અભ્યાસમાં ૯૫ ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે સમાજમાં ક્રાંતિકારી સામાજિક પરિવર્તન થયો છે.
- શિક્ષણ, સમય અને પોર્ટુગીઝ નાગરિકતા આ પરિવર્તનના મુખ્ય પરિબળો છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ૯૮.૫ ટકા લોકો પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરે છે.
- અભયસમા ૮૧ ટકા લોકો સંયુક્ત કુટુંબ પદ્ધતિને હજુ પણ મહત્વ આપે છે.

**આર્થિક જીવન અને વ્યવસાયિક પરિવર્તન**

પરંપરાગત માછીમારી વ્યવસાયમાં ઘટાડો થયો છે.

- ફક્ત ૭ ટકા  લોકો પરંપરાગત માછીમારી સાથે જોડાયેલા છે.

- મોટાભાગના લોકો હોટેલ વ્યવસાય, સેવા ક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર અથવા વિદેશી રોજગારમાં જોડાયેલા છે.
- અભ્યાસમાં ૨૨ ટકા પરિવારોની વાર્ષિક આવક 10 લાખ રૂપિયાથી વધુ છે, જે સમાજની આર્થિક સદ્ધરતા દર્શાવે છે.

**પોર્ટુગીઝ શાસન અને વિદેશી સ્થળાંતરની અસર**

પોર્ટુગીઝ શાસનના ઐતિહાસિક વારસાને કારણે દમણના લોકોને વિદેશી વસાહતની તક મળી, જેના કારણે ખાસ કરીને યુકે તરફ સ્થળાંતર વધ્યું.

- અભ્યાસમાં ૯૧ ટકા લોકો પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત છે.
- અભ્યાસમાં ૯૪ ટકા લોકો પરંપરાગત સંસ્કૃતિ સાથે પશ્ચિમી સંસ્કૃતિને સંતુલિત રીતે સ્વીકારવા તૈયાર છે.
- વિદેશમાં મહિલાઓને સમાન આર્થિક તકો અને નિર્ણય પ્રક્રિયામાં સમાન સ્થાન મળ્યું છે.

**પરિવર્તન સાથેના પડકારો**

સમાજ સામે અનેક પડકારો પણ ઊભા થયા છે:

- માછલી સંસાધનોમાં ઘટાડો
- પર્યાવરણીય પ્રદૂષણ અને દરિયાકાંઠાનું ધોવાણ
- પરંપરાગત સંસ્કૃતિ અને વ્યવસાયનો ક્ષય
- યુવાનોમાં પશ્ચિમી જીવનશૈલી તરફ વધતો ઝુકાવ

**નિષ્કર્ષ**

દમણનો માછી સમાજ આજે સંક્રમણના તબક્કે ઉભો છે. આધુનિકીકરણ, શિક્ષણ અને સ્થળાંતરે સમાજને નવી તકો આપી છે, પરંતુ સાથે-સાથે સંસ્કૃતિના સંરક્ષણ અને પરંપરાગત વ્યવસાયના અસ્તિત્વ અંગે પડકારો પણ ઊભા કર્યા છે.

યોગ્ય સરકારી સહાય, ટકાઉ માછીમારી નીતિઓ અને સમુદાય સશક્તિકરણ દ્વારા સમાજ પોતાની ઓળખ જાળવી રાખીને વિકાસ કરી શકે છે.

**સૂચનો**

- માછી સમાજની સંસ્કૃતિ જાળવવા માટે સામાજિક સંસ્થાઓએ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ.
- વિદેશમાં ઉછરતા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અંગે જાગૃતિ વધારવી જોઈએ.
- માછીમારોને સબસિડી, તાલીમ અને ટેકનોલોજી અંગે સમયસર સહાય પૂરી પાડવી જોઈએ.

**સમાપન**

દમણનો માછી સમાજ પશ્ચિમી પ્રભાવ વચ્ચે પણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યો છે. પરિવર્તન સ્વીકારીને પણ પોતાની મૂળ ઓળખ જાળવી રાખવી – આ જ આ સમાજની સૌથી મોટી વિશેષતા અને શક્તિ છે.

**સંદર્ભ સાહિત્ય**


૧. ટંડેલ નીતિન ટી. (૨૦૨૦), સંઘ પ્રદેશ દમણના માછીમારોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં ફેરફાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૨. એમ.ફિલ. વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો (૨૦૧૯), માતૃભૂમિમાં ડાયસ્પોરાની ભૂમિકા: દમણમાં ટંડેલ સમુદાયનો સામાજિક-આર્થિક અભ્યાસ, ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર.

૩. ટંડેલ દિનકર (૨૦૧૪), દક્ષિણ ગુજરાતના ટંડેલ સમુદાયનો સામાજિક-સાંસ્કૃતિક અભ્યાસ, યુજીસી માઇનોર પ્રોજેક્ટ, શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ.

૪. શૈલેષ એમાછી (૨૦૨૧), દક્ષિણ ગુજરાતમાં માછીમાર સમુદાયનો સમાજશાસ્ત્રીય અભ્યાસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.


**અન્ય સ્રોતો**


૧. અખબારનો લેખ: દમણ કા ગૌરવશાળી ઇતિહાસ

૨. વેબસાઇટ્સ:

a. Damanric

b. બ્રિટાનિકા

૩. સરકારી આંકડાકીય રેકોર્ડ

૪. દમણ ફિશરમેન સોસાયટીના પુસ્તકાલયમાંથી માહિતી